પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૪૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૬-૦૨-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 140 PRICE :-RS. 1.50 DATE : 06-02-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બિડેનના નિર્ણયથી ભારતીય IT પ્રોફેશનલ્સને મોટી રાહતના સંકેત

## બિડેન સરકારે H1-B વિઝા પર પૂર્વ સરકારની નીતિઓને હટાવી

વોશિંગ્ટન,

અમેરિકાના નવા રાષ્ટ્રપતિ જો બિડેનના નેતૃત્વવાળી સરકારે એચ-૧બી વિઝા પર પૂર્વ ટ્રમ્પ સરકારની નીતિઓને હાલ પૂરતી ટાળવાનો નિર્ણય લીધો છે. જેની સાથે ૩૧ ડિસેમ્બર સુધી એચ-૧બી વિઝા ઈશ્યુ કરવામાં લોટરી સિસ્ટમ યથાવત રાખવાની ભલામણ પણ કરી હતી. જો બિડેન પ્રશાસનના આ નિર્ણયથી ભારતીય આઈટી પ્રોફેશનલ્સને મોટી રાહત મળે એવી સંભાવનાઓ વ્યક્ત



કરવામાં આવી રહી છે. ભારતીયોમાં એચ-૧બી વિઝા ખૂબ જ લોકપ્રિય છે.

વિતેલા વર્ષની શરુઆતમાં જ ટ્રમ્પ પ્રશાસને એચ-૧બી વિઝાને લઈને નવી નીતિઓ અમલમાં લાવવાનુ એલાન કર્યુ હતું. જે હેઠળ લોટરી સિસ્ટમને ખતમ કરવાની સાથે પગાર અને મેરિટના આધારે વિઝા આપવાનુ નક્કી કર્યું હતું. ટ્રમ્પ સરકારના આ નિર્ણયને લીધે ભારતીયો માટે કપરી સ્થિતિ ઉભી થઈ હોવાનું માનવામાં આવતુ હતું.

યુનાઈટેડ સ્ટેટ્સ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસએ એના એક નિવેદનમાં જાહેર કર્યું હતું કે ટ્રમ્પ કાળમાં નવા નિયમોને ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી હટાવી લેવામાં આવ્યા છે. આ નિયમોનો નવ માર્ચથી અમલમાં લાવવામાં આવશે. યુએસસીઆઈએસનું કહેવુ હતું કે બિડેન સરકારના નિર્ણયથી એચ૧બી વીઝા પ્રક્રિયાને સુઘડ બનાવવામાં મદદ મળશે.

ઉલ્લેખનીય છે કે ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના ૪૬માં રાષ્ટ્રપતિ બનેલા જો બિડેન એ ચૂંટણી પ્રચાર દરમિયાન વચન આપ્યું હતુ કે તેઓ એચ૧બી વીઝા પર લાગેલા પ્રતિબંધોને ખતમ કરશે, તેમણે ટ્રમ્પ નીતિઓને ક્રૂર ગણાવી હતી.

અમેરિકામાં સત્તામાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૭માં ડોનાલ્ડ ટ્રમ્પે વર્ક વીઝાના નિયમોને કડક કર્યા હતા. તેમણે કોરોના મહામારીને લીધે એચ૧બી સહિત અલગ-અલગ પ્રકારના વર્ક વીઝા પર ૩૧ માર્ચ સુધી પ્રતિબંધ લંબાવ્યો હતો. એચ-૧બી વિઝા ભારતીય આઈટી પ્રોફેશનલ્સમાં લોકપ્રિય છે. જેના આધારે અમેરિકન કંપનીઓ હાઈ સ્કિલ્ડ વિદેશી નાગરિકોને નોકરી આપે છે. દર વર્ષે અલગ-અલગ પ્રકારના ૮૫ હજાર વિઝા ઈશ્યુ કરવામાં આવે છે. આ વિઝાનો સમયગાળો ૩ વર્ષનો હોય છે.

## ખેડૂત આંદોલનઃ આજે ખેડૂતો દેશભરમાં હાઈ-વે ચક્કાજામ કરી વિરોધ કરશે

ન્યુ દિલ્હી,

કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતોનુ હલ્લા બોલ છેલ્લા ૭૨ દિવસોથી ચાલુ છે. સરકાર અને ખેડૂતો વચ્ચે કૃષિ કાયદા પર ઘણા પ્રકારની વાતો થઈ પરંતુ બધી નિષ્પરિણામ રહી. એવામાં હવે ખેડૂતોએ કાલે એટલે કે ૬ ફેબ્રુઆરીએ ચક્કાજામનુ એલાન કર્યુ છે. દેશભરમાં ખેડૂતો હાઈવે જામ કરીને પોતાનુ વિરોધ પ્રદર્શન કરશે. આ દરમિયાન ખેડૂત આંદોલનનુ નેતૃત્વ કરી રહેલ ખેડૂત નેતા રાકેશ ટિકૈતનુ કહેવુ છે કે દિલ્લીમાં આ ચક્કાજામ નહિ થાય.

ભારતીય ખેડૂત સંગઠનના રાષ્ટ્રીય પ્રવકતા રાકેશ ટિકેતે જણાવ્યુ કે ૬ ફેબ્રુઆરીએ દિલ્લીમાં ચક્કાજામ નહિ થાય. વળી, તેમણે આંદોલનનુ સમર્થન કરી રહેલા લોકોને અપીલ કરીને કહ્યુ કે જે લોકો પ્રદર્શન સ્થળ પર નથી આવી શક્યા તે પોતાની જગ્યાએ શાંતિપૂર્ણ રીતે પોતાનો વિરોધ દર્શાવે. ખેડૂતો કાલે દેશભરમાં ત્રણ કલાક માટે ચક્કાજામ કરશે. આ દરમિયાન નેશનલ અને સ્ટેટ હાઈવે પર વાહનોની અવરજવર અવરોધશે.

ખેડૂત કૃષિ કાયદાના પાછો લેવા અને એમએસપી પર કાયદો બનાવવાની માંગ પર અડેલા છે. તેમણે બજેટમાં ખેડૂતોની નજરઅંદાજ કરવા, પ્રદર્શન સ્થળ પર ઈન્ટરનેટ બંધ કરવા સહિત ઘણા મુદ્દાઓના વિરોધમાં ચક્કાજામ



કરવાનુ એલાન કર્યુ છે. ખેડૂત સંગઠનના નેતાઓના જણાવ્યા મુજબ શનિવારે બપોરે ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી રસ્તાને જામ કરીને સરકાર સુધી પોતાનો અવાજ પહોંચાડીશુ. ખેડૂત નેતાઓનુ કહેવુ છે કે તેમને આ બજેટથી ઘણી આશા હતી પરંતુ સરકારે તેમના માટે કંઈ કર્યુ નહિ. સરકાર ના તો અમારી માંગો માની રહી છે અને ના ખેડૂતો માટે કામ કરી રહી છે.

તમને જણાવી દઈએ કે નવેમ્બરથી સિંધુ, ગાઝીપુર સહિત દિલ્લીની ઘણી બૉર્ડર વિસ્તારો પર હજારોની સંખ્યામાં ખેડૂતો ધરણા પર બેઠા છે. આ પહેલા ૨૬ જાન્યુઆરીએ થયેલી ટ્રેક્ટર પરેડમાં શામેલ અમુક ઉપદ્રવી લાલ કિલ્લા પર પહોંચી ગયા હતા અને ત્યાં તેમણે જોરદાર હિંસા કરી હતી. ગણતંત્ર દિવસ જેવી સ્થિતિ ફરીથી ન બને તે માટે સરકાર પણ સુરક્ષા વ્યવસ્થામાં લાગી છે.

## અમદાવાદ ભાજપ કાર્યાલયમાં ટિકિટ મુદ્દે વિરોધ, ૫૦૦ કાર્યકરોની રાજીનામાંની ધમકી

અમદાવાદ,

ગુજરાતમાં મહાનગરપાલિકાની ચૂંટણી અંગેના ઉમેદવારો જાહેર થતાં જ રાજકોટ, સુરત, વડોદરામાં વિરોધનું વાતાવરણ શરૂ થયા બાદ અમદાવાદમાં પણ અસંતુષ્ટો ઊભા થયા હતા અને કેટલાકને ટિકિટ ફાળવવાના મુદ્દે અને કેટલાકને ન ફાળવવાના મુદ્દે શહેર ભાજપ કાર્યાલય ખાતે વિરોધ વ્યક્ત કરવા માટે પહોંચી ગયા હતા, જેને કારણે અમદાવાદ ભાજપમાં પણ બળવા જેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના વાસણા, નારણપુરા, ગોતા,



ચાંદખેડા, સરદારનગર સહિતના વોર્ડમાં કાર્યકરોએ ભારે વિરોધ કર્યો છે. ચાંદખેડાના કાર્યકરો મહિલા ઉમેદવાર પ્રતિમા સક્સેના સામે વિરોધ કરવા ખાનપુર કાર્યાલય પહોંચ્યા હતા.

અહીં આઈકે જાડેજાને આવેદનપત્ર આપી ચીમકી ઉચ્ચારી હતી કે શુક્રવારે બપોરે ૧૨ વાગે ઉમેદવાર નહીં બદલાય તો ૫૦૦ કાર્યકરો રાજીનામાં આપી દેશે. ૨૦૧૫માં પણ સ્થાનિક ઉમેદવારને બદલે અન્યને ટિકિટ આપવામાં આવી હતી. સરદારનગર વોર્ડમાં પણ નારાજ કાર્યકરો ખાનપુર કાર્યાલય પહોંચ્યા હતા. જ્યારે વાસણામાં આયાતી ઉમેદવાર સામે વિરોધ થયો હતો. ગોતામાં પણ ભાજપના કાર્યકરોએ હાય હાયના નારા બોલાવ્યા હતા. કેતન પટેલ વોર્ડ પ્રમુખ હોવા છતાં ટિકિટ અપાતાં તેની સામે વિરોધ ઊભો થયો હતો,

જ્યારે અજય દેસાઈ મહામંત્રીનો દીકરો હોવાને કારણે વિરોધ થયો હતો. કાંકરિયા ખાતે જુલાઈ ૨૦૧૯માં રાઈડ અકસ્માત થયો હતો, જેમાં જવાબદાર અને રાઈડનો કોન્ટ્રેક્ટ ધરાવતા ઘનશ્યામ પટેલના ભાઈ મહેન્દ્ર પટેલને અમરાઈવાડીથી ટિકિટ આપવામાં આવતાં વિવાદ સર્જાયો છે. વિવાદાસ્પદને ટિકિટ આપવામાં આવતાં સ્થાનિક કાર્યકરોએ પણ વિરોધ નોંધાવ્યો છે. જોકે આ વખતે ટિકિટ ફાળવવામાં ધારાસભ્યોનું વર્ચસ્વ રહ્યું હોવાને કારણે આ પરિસ્થિતિ સર્જાઈ હોવાનું ભાજપનાં સૂત્રોનું કહેવું છે.

## ચીની સેનાએ કરાકોરમના પહાડો પર મોટી સંખ્યામાં ઘાતક ટેન્ક તૈનાત કરી

ન્યુ દિલ્હી,

પૂર્વ લદ્દાખમાં ભારતની સાથે ચાલી રહેલા તણાવની વચ્ચે ચીની સેનાએ કરાકોરમના પહાડો પર મોટી સંખ્યામાં પોતાના સૌથી ઘાતક ટેક્ન્ઝી 99Aને તૈનાત કરી દીધા છે. ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના મતે ચીનની આ ટેક્ન અંદાજે ૫૦૦૦ મીટરની ઊંચાઈ પર તૈનાત કરાઈ છે. ચીને તાજેતરમાં પોતાની નવી ૧૫ ટેક્નના પહેલાં જથ્થાને પણ સામેલ કર્યો છે જે ટાઈપ 99Aની સાથે મળી જંગના મેદાનમાં ઉતરશે. ચીની અખબારે કહ્યું કે જો ફાયર પાવરની વાત કરીએ તો ટાઈપ ૯૯એ ટેક્ન



ચીનની સૌથી ઘાતક ટેક્ન છે. તો ટાઈપ ૧૫ ટેક્ન ખૂબ જ ઝડપથી પ્રહાર કરવામાં સક્ષમ છે. આવો જાણીએ આ ચીની ટેક્ન ભારતના T-90 ટેક્નની સામે કયાં છે.

ચીની નિષ્ણાતોનું કહેવું છે કે ભારે વજનવાળા ટાઈપ ૯૯છ મુખ્ય યુદ્ધક ટેક્ન ઑક્સિજનની અછત અને પહાડી વિસ્તારના લીધે પૂર્વ લદ્દાખમાં બહુ ખાસ કારગર નથી. જો કે Type 99Aની બેજોડ તાકાત નિર્ણાયક છે. ચીની નિષ્ણાતોએ કહ્યું કે ટાઈપ ૧૫ લાઈટ ટેક્ન જો યુદ્ધ દરમ્યાન ફસાય છે તો

(અનુ.પાના.નં.૨)

## સુરતમાં ઉમેદવારો જાહેર થતા ભાજપના કાર્યકર્તાઓનો વિરોધ, ધારાસભ્યો લાગ્યા કામે

સુરત,

સુરત શહેરમાં પાલિકાની ચૂંટણીમાં ભાજપે ઉમેદવારો જાહેર કર્યા બાદ ભાજપના કાર્યકર્તાઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગત રોજ મોડી રાત સુધી કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. શહેરના વિવિધ વોર્ડમાં કાર્યકર્તાઓએ ભારે વિરોધ કર્યો હતો. ત્યારે સરથાણા વિસ્તારમાં ભાજપના ધારાસભ્ય વીડી ઝાલાવાડિયાની ઓફીસની બહાર સૂત્રોચાર કરી ભાજપના કાર્યકરોએ પોતાનો રોષ વ્યકત કર્યો હતો. જેથી પોતાના જ કાર્યકર્તાઓને ધારાસભ્યે સમજાવવા આવવું પડ્યું હતું. સરથાણા વોર્ડના ભાજપના ઉમેદવાર જાહેર થયા બાદ ભાજપના કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. કાર્યકર્તાઓ ખૂબ જ મોટી સંખ્યામાં ધારાસભ્યની ઓફિસને બહાર સૂત્રો વિરોધ પ્રદર્શન કરતા આખરે ધારાસભ્ય વિધિ ઝાલાવાડીયાએ પોતે કાર્યકર્તાઓને સમજાવવા માટે આવવું પડ્યું હતું. તેમણે પોતે પણ સ્વીકાર્યું હતું કે, તેમના વોર્ડમાં આયાતી ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે.

ઝાલાવાડીયા પ્રદેશ પ્રમુખ સીઆરપાટીલને રજૂઆત કરી છે કે આવા ઉમેદવારો અમારા વોર્ડમાં નહીં ચાલી શકે અને સ્થાનિક લોકો પણ તેનો ખૂબ વિરોધ કરી રહ્યા છે એ પ્રકારની વાત તેમણે કરી છે. વિરોધ કરનારા કાર્યકર્તાઓએ ઝાલાવાડીયા સમક્ષ પોતાની સ્પષ્ટ વાત કરીને પોતાનો રોષ ઠાલવ્યો હતો. જોકે નામ જાહેર થયા બાદ હવે તેમાં ફેરફાર થશે કે કેમ તે મોટો યક્ષપ્રશ્ન બન્યો છે પરંતુ એક વાત ચોક્કસ છે કે જે નામની જાહેરાતો કરવામાં આવી છે તેમાં શહેરભરના કેટલાક વોર્ડની અંદર આયાતી ઉમેદવારને લઈ ને સૌથી વધુ રોષ જોવા મળી રહ્યો છે. વ્યક્તિગત ઉમેદવારોનો વિરોધ કરતા આયાતી ઉમેદવારોના નામ જાહેર થતાની સાથે જ શહેરભરમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠન ઉપર પણ મોટો પ્રશ્ન ઉભો થયો છે.જ્યારે ધારાસભ્ય વીડી ઝાલાવાડીયા કાર્યકર્તાઓને સમજાવતા હતા.

(અનુ.પાના.નં.૨)

## બજેટ બાદ RBIનો પણ સામાન્ય લોકોને ઠેંગો

મુંબઈ,

રિઝર્વ બેક્કે રેપો રેટને ૪ ટકા અને રિવર્સ રેટને ૩.૩૫ ટકા યથાવત રાખ્યો છે. બજેટ બાદ આરબીઆઈએ પણ લોકોને નિરાશ કર્યા છે. રિઝર્વ બેક્ક દર બે મહિને દરોને બદલવા અથવા બદલવા અંગે બેઠક કરે છે. તેમાં તેમની ૬ લોકોની ટીમ હોય છે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે ૨૦૨૧-૨૨ માટે જીડીપીમાં ૧૦.૫%ના ગ્રોથનું અનુમાન વ્યક્ત કર્યું છે. એમપીસીની બેઠક બુધવારે ૩ ફેબ્રુઆરીથી શરૂ થઈ હતી.

જાણકારોને પહેલાં આશા હતી કે આરબીઆઈ રેપો રેટમાં કાપ મૂકવાથી બચશે. રેપો રેટનો અર્થ આરબીઆઈ દ્વારા બેક્કોને આપવામાં



આવતી લોન પરનો વ્યાજદર છે. ખાસ વાત એ છે કે એક ફેબ્રુઆરીએ રજૂ થયેલા બજેટ ૨૦૨૧-૨૨ બાદ આરબીઆઈની આ પ્રથમ બેઠક છે. રિઝર્વ બેક્કે ગત વર્ષેના ફેબ્રુઆરીથી અત્યારસુધીના રેપો રેટમાં કુલ ૧૧૫ બેસ પોઈન્ટ ઘટાડો કર્યો છે.

આરબીઆઈએ વ્યાજદરોમાં કોઈ ફેરફાર કર્યા નથી. એટલે કે રેપોરેટ ૪ ટકા અને રિવર્સ રેપોરેટ ૩.૩૫ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે.

રિઝર્વ બેક્કે કહ્યું, ચેક ટ્રંકેશન સિસ્ટમ દરેક બેક્કોની દરેક બ્રાન્ચમાં લાગુ કરવામાં આવશે. અત્યારે ૧૮,૦૦૦ બ્રાન્ચમાં આ સુવિધા નથી. રિઝર્વ બેક્કે કહ્યું, લોકોને ડિજિટલ પેમેન્ટ સેવામાં આવતી કોઈ પણ સમસ્યાને દૂર કરવા માટે દરેક પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર્સને એક ૨૪★૭ની હેલ્પલાઈન શરૂ કરવામાં આવશે.

રિઝર્વ બેક્કે ગવર્નરને કહ્યું કે, અત્યારે બેક્ક, એનબીએફસી અને નોન-બેક્ક પ્રીપેડ પેમેન્ટ ઈશ્યુઅર (PPIs) માટે ત્રણ અલગ અલગ લોકપાસની વ્યવસ્થા છે. તે માટે રિઝર્વ બેક્કે અંદાજે ૨૨ લોકપાલ ઓફિસ બનાવી છે. તે માટે દરેકને એકીકૃત કરીને એક દેશ એક લોકપાલની વ્યવસ્થા કરવામાં આવશે.

રિઝર્વ બેક્કે આગામી નાણાકીય વર્ષે ૨૦૨૧-૨૨માં જીડીપીમાં ૧૦.૫ ટકાના વધારાનું અનુમાન લગાવ્યું છે. ઉલ્લેખનીય છે કે બજેટમાં એ ૧૧ ટકા થવાનું અનુમાન લગાવ્યું છે.

રિઝર્વ બેક્કે કહ્યું રિટેલ મોંઘવારી ૬ ટકા કરતાં ઓછી રહેવાની શક્યતા છે. રિઝર્વ બેક્કે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં પહેલાં છ મહિનાની રિટેલ મોંઘવારીનો અંદાજ વધારીને પથી ૫.૨ ટકા કરી દીધો છે. પહેલાં આ ૪.૬થી ૫.૨ ટકા કરવામાં આવ્યો હતો. આરબીઆઈ ગવર્નરે કહ્યું ધીરે ધીરે ઘરોના વેચાણમાં સુધારો થયો છે. તે સાથે જ હવે લોકોની ખર્ચ કરવાની ક્ષમતામાં ફરી રિકવરી થઈ રહી છે. તાજેતરમાં જે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવ્યો છે તેનાથી રોકાણની સ્થિતિમાં સુધારો થયો છે.

શક્તિકાંત દાસે કહ્યું કે, હવે સામાન્ય રોકાણકારોને પણ રિઝર્વ બેક્કમાં ગિલ્ટ એકાઉન્ટ ખોલવાની સુવિધા આપવામાં આવશે. નાના રોકાણકારો હવે પ્રાઈમરી એન્ડ સેકેન્ડરી ગવર્નમેન્ટ બોન્ડમાં રોકાણ કરી શકશે.

રિઝર્વ બેક્કે કહ્યું કે, કેશ રિઝર્વ રેશિયોમાં અત્યારે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પરંતુ આગામી બે પેઝમાં વધારીને ૪ ટકા કરવામાં આવશે. માર્ચ ૨૭ સુધી તે ૩.૫ ટકા અને ૨૨ મે સુધી ૪ ટકા થશે. શક્તિકાંત દાસે કહ્યું છે કે, સહકારી બેક્કોને મજબૂત બનાવવા માટે એક્સપર્ટ કમિટી બનાવવામાં આવશે. જે સૂચનો આપશે કે આ સેક્ટરને કેવી રીતે મજબૂત કરી શકાય અને તે માટે શું

## ભાજપના ખાનપુર કાર્યાલય પર નારાજ કાર્યકર્તાઓ ઉમટ્યા, ગૃહરાજ્ય મંત્રી દોડ્યા

અમદાવાદ,

ભાજપે તમામ મહાનગરપાલિકાના પોતાના ઉમેદવારોનું લિસ્ટ જાહેર કર્યું છે. આ લિસ્ટ જાહેર કરાયા બાદ લગભગ તમામ મહાનગરપાલિકામાં ભાજપને નારાજગી, વિરોધનો સામોનો કરવો પડ્યો છે. તો કેટલાક પાલિકામાં રાજીનામા અને પક્ષપલટાની કામગીરી પણ થઈ રહી છે. આવામાં અમદાવાદમાં અનેક કાર્યકર્તાઓની નારાજગી ભાજપે વહોરી લીધી છે. અમદાવાદના લિસ્ટમાં અનેક નવા ચહેરાઓને સ્થાન આપવામા આવ્યું છે. ત્યારે અમદાવાદમાં અનેક વોર્ડમાં વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યાં છે. જેમાં ભાજપના ખાનપુરના કાર્યાલય ખાતે પણ નારાજ કાર્યકર્તાઓનું મોટું જૂથ પહોંચ્યું હતું. જેને પગલે રાજ્યગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા પણ ખાનપુર કાર્યાલયે દોડી આવ્યા છે અને ડેમેજ કન્ટ્રોલ કરવા માટે કવાયત હાથ ધરી રહ્યા છે.

તો ભાજપના શહેર પ્રભારી આઈકે જાડેજાએ પણ નારાજ કાર્યકર્તાઓને મનાવવાના પ્રયાસો કર્યા હતા. ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા પહોંચ્યા ખાનપુર ભાજપ કાર્યાલય પહોંચ્યા હતા. તેમણે શહેર પ્રભારી આઈ કે જાડેજા અને શહેર પ્રમુખ જગદીશ પંચાલ સાથે મુલાકાત કરી હતી. તેમજ ઉમેદવારો જાહેર થયા બાદની સ્થિતિ અંગે ચર્ચા પણ કરી હતી. તો ભાજપ શહેર પ્રભારી આઈ કે જાડેજાએ શહેર સંગઠનમાં નારાજગી અંગે જણાવ્યું કે, કેટલાક વિસ્તારોમાં કાર્યકરોને નારાજગી હશે, દુઃખ થયું હશે.

૩ હજાર કરતા વધુ દાવેદારોમાંથી ૧૯૨ની પસંદગી કરીએ એટલે ક્યાંક દુઃખ થવું સ્વાભાવિક છે. તમામ કાર્યકરોની વાત સાંભળવામાં આવી છે. તમામ સક્રિય કાર્યકરોને ટિકિટ આપી છે. ઉદ્યોગપતિ, શિક્ષકોથી લઈ રેંકડી ચલાવવાવાળા સુધીના બધાને ટિકિટ આપી છે. ક્યાંક કોઈ નારાજગી હશે પણ તમામ સાથે વાત કરી છે. સિનિયર કોર્પોરેટરોને પણ કાપ્યા નથી, તેમની સાથે પણ વાત કરી છે. કાર્યકરો અને આગેવાનોના દમ પર જ ચૂંટણી જીતીશું. અનામતના કારણે મોટા ફેરફારો થયા છે તેની નારાજગી હોઈ શકે છે.

## ગોધરામાં જે ખેતી થઈ હતી તે લોહીની ખેતી હતી કે પાણીની: દિગ્વિજયસિંહનો કૃષિમંત્રીને સવાલ

ન્યુ દિલ્હી,

ખેડૂત આંદોલન પર શુક્રવારે કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે રાજ્યસભામાં કોંગ્રેસ પર નિશાન સાધ્યુ હતું. કૃષિ મંત્રીએ કહ્યુ કે કોંગ્રેસ લોહીની ખેતી કરી શકે છે, જેની પર હવે રાજ્યસભા સાંસદ દિગ્વિજય સિંહે પલટવાર કર્યો છે. કોંગ્રેસ નેતાનું કહેવુ છે કે ભાજપ હંમેશા રમખાણ કરાવવા માંગે છે.

લોહીથી ખેતીના નિવેદન પર દિગ્વિજય સિંહે કહ્યુ કે, 'ગોધરામાં જે ખેતી થઈ હતી, તે લોહીની ખેતી હતી કે પાણીની ખેતી



હતી. સંઘ અને ભાજપ હંમેશા સાંપ્રદાયિક રમખાણ કરાવવા માંગે છે.

કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે કહ્યુ કે, જો આ સાંપ્રદાયિક રમખાણ કરાવીશુ, ત્યારે તેમને ફાયદો થશે. આ કારણ છે કે અસદુદીન ઓવૈસી અને નરેન્દ્ર મોદી વચ્ચે સારી મિત્રતા છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી માટે ૧૮ નોડલ ઓફિસરોની નિમણુંક

લુણાવાડા, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા અને જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં મહીસાગર જિલ્લામાં મહીસાગર જિલ્લા પંચાયત અને છ (૬) તાલુકા પંચાયતોની ચૂંટણી આગામી તા.૨૮-૨-૨૦૨૧ના રોજ યોજવાની છે. આ જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને તટસ્થ માહોલમાં યોજાય તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આર. બી. બારડ દ્વારા ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી માટે ૧૮ નોડલ ઓફિસરોની નિમણુંક કરવામાં આવી છે.

જેમાં એમ.સી.સી. અને આચારસંહિતના નોડલ ઓફિસર તરીકે મહીસાગર-લુણાવાડાના માર્ગ અને મકાન (રાજય) કાર્યપાલક ઇજનેર (૨) પોસ્ટ/બેલેટ પેપરના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના જિલ્લા રોજગાર અધિકારી (૩) મીડિયાના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના સહાયક માહિતી નિયામક (૪) ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, (૫) પોલીસ સ્ટાફ વેલફેરના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, (૬) તાલીમ મેનેજમેન્ટના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના જિલ્લા શિક્ષણાધિકારી (૭) સ્વેપ કાર્યક્રમના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, (૮) ઓબ્ઝર્વરના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના પશુપાલન અધિકારી (૯) મટીરીયલ મેનેજમેન્ટના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના ખાણ અને ખનીજના મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, (૧૦) ઈ.વી.એમ.મેનેજમેન્ટના નોડલ અધિકારી તરીકે લુણાવાડા તાલુકાના મોટા સોનેલા આઇ.ટી.આઇ.ના આચાર્ય, (૧૧) હેલ્પલાઇન અને ટેલીફોન કંટ્રોલ રૂમ સોશિયલ મીડિયાના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના આઇ.સી.ટી. ઓફિસર (૧૨) કોવિડ-૧૯ અંતર્ગત કરવાની થતી કામગીરી અંગેના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના એપેડેમીક મેડીકલ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (૧૩) ઉમેદવારોના હિસાબોનું મોનીટરીંગ કરવાના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના જિલ્લા તિજોરી અધિકારી (૧૪) ચૂંટણી સ્ટાફના વ્યવસ્થાપનના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના નિવાસી અધિક કલેક્ટર (૧૫) કાયદો અને વ્યવસ્થાના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના નિવાસી અધિક કલેક્ટર (૧૬) હેલ્પલાઇન એન્ડ કમ્પ્લેઇન રીડ્રેસલના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.) (૧૭) પોલીસ ટ્રેનીંગ કાર્યક્રમના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના નાયબ જિલ્લા પોલિસ અધિક્ષક અને (૧૮) કોમ્પ્યુટર રાઇઝેશનના નોડલ અધિકારી તરીકે મહીસાગર-લુણાવાડાના એન.આઇ.સી.ના ઓફિસરની નિમણૂંક કરવામાં આવી છે.

આ નોડલ ઓફિસરોએ તેમને સોંપાયેલ કામગીરી ઉપરાંત જરૂર જણાય જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા સોંપવામાં આવતી વધારાની કામગીરી પણ કરવાની રહેશે. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા સમયાંતરે નોડલ અધિકારીઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. તેમ મહીસાગર-લુણાવાડાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા જારી કરાયેલા એક હુકમ દ્વારા જણાવાયું છે.

## મહીસાગર જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી પ્રિસાઇડીંગ અને આસી. પ્રિસાઇડીંગ ઓફિસરને તાલીમ આપવામાં આવી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, રાજય ચૂંટણી આયોગ દ્વારા રાજયમાં નગરપાલિકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ના કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. આ જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર મહીસાગર જિલ્લામાં જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ આગામી તા. ૮/૨/૨૦૨૧ના રોજ જાહેરનામુ પ્રસિદ્ધ થવાની સાથે જ પ્રક્રિયા શરૂ થઇ જશે.

જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ અંતર્ગત મતદાન તા. ૨૮/૨/૨૦૨૧ના રોજ યોજાનાર છે. આ મતદાન ઈવીએમ મશીન દ્વારા હાથ ધરવામાં આવનાર છે. મતદાનની કામગીરી સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓ દ્વારા મતદાન દરમિયાન મતદાન પ્રક્રિયાનું સરળતાથી સંચાલન થઇ શકે તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર.બી.બારડના સીધા માર્ગદર્શન હેઠળ આજે મહીસાગર જિલ્લામાં પ્રિસાઇડીંગ અને આસિસ્ટન્ટ પ્રિસાઇડીંગ ઓફિસરોને ઇવીએમ મશીનના ઉપયોગ સંબંધી તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમ દરમિયાન કોવિડ-૧૯ની સરકારની ગાઇડલાઇનને અનુસરીને તાલીમ માટે આવનાર તમામ તાલીમાર્થીઓની થર્મલ ગનથી ચકાસણી કરવામાં આવી હતી તેમજ સેનેટાઇઝરથી હેન્ડવોશ કરાવવામાં આવ્યા હતા.

# લુણાવાડા તાલુકાના ગામની સામૂહિક દુષ્કર્મની પીડીતાનું બાઈક ઉપર અપહરણ કરતાં ફરિયાદ



લુણાવાડા, લુણાવાડા તાલુકાના એક ગામની સામૂહિક દુષ્કર્મની પીડીતાનું મોડી સાંજે સાત વાગ્યાના સમયે બાઈક ઉપર આવેલ બે ઈસમો દ્વારા યુવતિનું અપહરણ કરવામાં આવ્યું હતું અને ગામ નજીક ખેતરમાં યુવતિને ઝાપટ મારી બેહોંશ કરી નાશી છુટીયા હતા. આ બાબતે લુણાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

લુણાવાડા તાલુકાના એક ગામની સામૂહિક દુષ્કર્મની પીડીતા તેના ઘરની પાછળના ભાગે મોડી સાંજે બાથરૂમ જવા ગયેલ હતી. દરમ્યાન બાઈક ઉપર આવેલ બે ઈસમો દ્વારા યુવતિનું અપહરણ કરવામાં આવ્યું હતું. યુવતિનેં બાઈક ઉપર બેસાડીને નજીક દિવેલાના ખેતરમાં લઈ ગયા હતા અને યુવતિને ઝાપટ મારતાં બેહોંશ થઈ ગઈ હતી અને અપહરણ કરતાં કહેતા હતા કે મારા છોકરાને શામાટે જેલમાં પુરાયા છે. તેનો બદલો અમે લઈશું તેમ કહી યુવતિને બેહોંશ હાલતમાં છોડી નાશી છુટીયા હતા. યુવતિને હોઠ તેમજ કમરના ભાગે દિવેલા લાકડું વાગેલ હતું. યુવતિ ઘરે આવી આ બાબતે ઘરે જઈને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. અને અપહરણ કરનારને અંધારાને લીધે ઓળખી શકી ન હતી. રાતના સમયે દુષ્કર્મની ઘટનાનો ભોગ બનેલ પીડીતાનું અપહરણ બાબતે લુણાવાડા પોલીસ સ્ટેશન ખાતે પીડીતા દ્વારા ફરિયાદ નોંધાવા પામી છે. લુણાવાડા પોલીસે ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

## BJPની ટીકીટ માટેની નવી માર્ગદર્શિકા સાથે મહિસાગર જીલ્લાના જુના જોગીઓની આશાઓ ઉપર પાણી ફર્યું

લુણાવાડા, ગાંધીનગર બીજેપી પાર્લામેન્ટરી બોર્ડને સંકલન સમિતિ દ્વારા સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ૩ ટર્મ પુરી કરનાર અને ૬૦ વર્ષ ઉપરના ઉમેદવારો ટીકીટ નહિ આપવાના નિર્ણય સાથે મહિસાગર જીલ્લાના જુના જોગીઓની આશાઓ ઉપર પાણી ફરી વળ્યું છે.

રાજયની સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં બીજેપી પાર્લામેન્ટરી બોર્ડ અને સંકલન સમિતિ દ્વારા ટીકીટ માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી હતી. તેમાં સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ત્રણ ટર્મ પુરી કરી હોય તેવા તેમજ ૬૦ વર્ષની ઉંમર પુરી કરી હોય તેવા લોકોને ટીકીટ આપવામાં આવશે નહિ. તેવી માર્ગદર્શિકા સાથે મહિસાગર જીલ્લાના જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચુંટણીમાં ૩ ટર્મ પુરી કરી હોય તેવા તેમજ ૬૦ વર્ષની ઉંમર પુરી કરી હોય તેવા બીજેપીના નેતાઓની પાર્ટીના નવા નિયમ સાથે ટીકીટ કપાઈ જતાં જુના જોગીઓના સપનાં અને આશાઓ ઉપર પાણી ફરી વળ્યું છે. મહિસાગર જીલ્લામાં બીજેપીના જુના જોગીઓની નવી માર્ગદર્શિકા સાથે ટીકીટ કપાઈ જતાં પોતાના માનીતાને ટીકીટ આપવા માટેના સોગટા ગોઠવા પડયા છે.હવે જોવું રહે કે આવા જુના જોગીઓની ઈચ્છા મુજબના દાવેદારોને ટીકીટ મળે છે કે કેમ તેવા અને પ્રશ્નો જુના જોગીઓને સતાવી રહયા છે.


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરાના હાર્દ સમા પોલન બજાર, કેસરી સર્કલ ખાતે આયોજીત મતદાન જન જાગૃતિ બાઈક રેલીનું કેસરી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ હાજીફારૂક કેસરી, ફેસલભાઈ કેસરી તેમજ દરગાઈ દ્વારા ગોધરા મામલતદાર વિજય આતિયા તેમજ રેલીમાં આવેલ શિક્ષકોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે સાથે મુસ્લીમ મતદારો એ પણ આ રેલીમાં ઉત્સાહભેર ભાગ લઈને મતદાન માટે સંકલ્પબદ્ધ બન્યા હતા.

## અમદાવાદમાં રાજકારણીઓને ન આવવાના બેનરો લાગી ગયાં

અમદાવાદ, આગામી ૨૧ ફેબ્રુઆરીના રોજ અમદાવાદ શહેરના ૪૮ વોર્ડની ૧૯૨ બેઠકો માટે મતદાન યોજાવા જઈ રહ્યું છે.આ અગાઉ શહેરના વિવિધ વિસ્તારોમાં રાજકારણીઓએ ચૂંટણી પ્રચાર માટે ન આવવું અને રોડ નહીં તો વોટ નહીં જેવા બેનરો સોસાયટીઓ અને એપાર્ટમેન્ટની બહાર સ્થાનિક રહીશો દ્વારા લગાવી દેવામાં આવતા બંને રાજકીય પક્ષોના ઉમેદવારોની અંતિમ યાદી જાહેર થાય એ અગાઉ લાગી ગયેલા બેનરોથી રાજકીય પક્ષો મૂંઝવણમાં મુકાઈ ગયા છે.

આ અંગે મળતી માહીતી મુજબ,શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા સરદાર પટેલ વોર્ડમાં આવેલી કેટલીક સોસાયટી અને એપાર્ટમેન્ટની બહાર ચૂંટણી ટાણે વચનો આપતા રાજકીય પક્ષોએ સોસાયટીમાં ચૂંટણી પ્રચાર માટે પ્રવેશવું નહીં એ પ્રમાણેના બેનરો લાગેલા જોવા મળી રહ્યા છે.

ઉપરાંત નવા નરોડા વિસ્તારમાં આવેલા વાલ્કેશ્વર હાઈટસ,વાલ્કેશ્વર ફલોરા, વચનામૃત સહિતની સોસાયટીઓમાં રોડ નહીં તો વોટ નહીં એવા લખાણ સાથેના બેનરો રહિશો દ્વારા લગાવી દેવામાં આવતા ઉમેદવારોના નામોની સત્તાવાર જાહેરાત થાય એ અગાઉ જ મતદારો જાગૃત થતા રાજકીય પક્ષોના ઉમેદવારોને કઈ રીતે પ્રચાર કરવો એ એક પ્રશ્ન થઈ ગયો છે.

## (પાન નં.૧ નું ચાલુ)

### ચીની સેનાએ કરાકોરમના....

તેની મદદ માટે Type 99A ટેક્ક જંગના મેદાનમાં ઉતારી શકે છે. બીજીબાજુ સ્વતંત્ર નિષ્ણાતોનું કહેવું છે ચીનનો આ મુખ્ય યુદ્ધક ટેક્ક અમેરિકા કે રૂસના કોઈ ટેક્કથી નબળી નથી. ચીનની આ થર્ડ જનરેશનની ટેક્ક છે અને તેની અંદર ઘાતક દારૂગોળો મોટા આકારના ગોળા દાગનાર તોપો અને શ્રેષ્ઠ ફાયર કંટ્રોલ સિસ્ટમ તથા એડવાન્સડ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ છે.

ચીન ટાઈપ ૯૯એ ટેક્ક ભારતની ટી-૯૦ ટેક્ક કરતાં ભારે છે તેને ભારતીય સેનાએ પૂર્વ લદાખમાં ડ્રેગનના દુસાહસના જવાબ આપવા માટે તૈનાત કરી છે. ટી-૯૦ ટેક્કનું વજન ૪૮ ટન છે તો ચીનના ટાઈપ ૯૯એ ટેક્કનું વજન ૫૭ ટન છે. નિષ્ણાતોનું કહેવું છે કે લદાખના પહાડી વિસ્તારોમાં જે ટેક્ક વધુ હલકી હશે તે વધુ કારગર નીવડશે. ચીન અને ભારત બંનેની ટેક્ક એન્ટી ટેક્ક મિસાઈલ ફાયર કરવામાં સક્ષમ છે.

### સુરતમાં ઉમેદવારો જાહેર થતા.....

ત્યારે તેમણે જે પણ લોકો મોબાઈલથી વીડિયો ઉતારતા હતા તેમને તાત્કાલિક પોતાનો મોબાઈલ બંધ કરી દેવા માટે પણ જણાવ્યું હતું.જે થી કરીને એમની વાત લોકો સુધી ના પહોંચે તેવો પ્રયાસ કર્યો હતો. ગુરુવારે ભાજપે ઉમેદવારો જાહેર કરતા કહી ખુશી, કહી ગમ જેવો ઘાટ જોવા મળ્યો હતો. ટિકિટ મેળવનારા ઉમેદવારોએ ઢોલ નગારા સાથે ઉજવણી કરી હતી. અલગ અલગ વોર્ડમાં આયાતી ઉમેદવારોના નામ જાહેર થતા જ આંતરિક અસંતોષ પણ જોવા મળ્યો હતો. કેટલાક જુનાજોગીઓ હાથચોળીને બેસી રહ્યા હતા જ્યારે કેટલાક કાર્યકરો ખુલ્લા વિરોધમાં આવી ગયા હતા અને પેજ કમિટીના કાર્ડ પણ સળગાવ્યા હતા. આયાતી ઉમેદવાર મુકવામાં આવતા સ્થાનિક કાર્યકરોમાં ગુસ્સો જોવા મળ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૬-૦૨-૨૦૨૧, શનિવાર, પોષ વદ-૯, સૂર્યોદય-૭-૨૫, સૂર્યાસ્ત-૬-૩૭, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્ર: અનુરાધા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૯ થી અભિજીત ૧૩-૨૪,સુધી ૮-૪૯ થી શુભ-૧૦-૧૩ સુધી,૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત૧૭-૧૩ સુધી, ૧૮-૩૮ થી લાભ-૨૦-૧૩ સુધી, ૨૧-૪૯ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૨૧ થી ૯-૧૭ સુધી, ૧૧-૦૯થી ૧૩-૫૭ સુધી, ૧૪-૫૩થી ૧૫-૪૯ સુધી ૧૭-૪૧થી ૨૦-૪૫ સુધી |

# સરકાર સંશોધન માટે તૈયાર, એનો મતલબ કૃષિ કાયદામાં કમી નહિ: તોમર



ન્યુ દિલ્હી, કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે રાજયસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચામાં ભાગ લીધો હતો. સદનમાં ખેડૂત આંદોલનને લઈને પણ ચર્ચા કરી હતી. તોમરે નવા કૃષિ કાયદા પર ચાલી રહેલા વિવાદનો ઉલ્લેખ કરતા કંઈક કહ્યું હતું કે વિરોધ પક્ષ પણ હસી પડ્યો હતો. તોમરે કોંગ્રેસ પર આકરા પ્રહારો પણ કર્યા હતાં.

નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું હતું કે, ત્રણેય કૃષિ કાયદાઓનો મુદ્દો હાલ જ્વલંત છે. હું વિરોધ પક્ષના નેતાઓને ધન્યવાદ દેવા માંગુ છું કે, તેમને સરકારને કોસવામાં સહેજ પણ કંજુસાઈ કરી નથી. કાયદાને કાળો કાયદો પણ ભારપૂર્વક કહેવામાં આવ્યો. બસ આમ કહેતા જ વિરોધ પક્ષના સાંસદો ખડખડાટ હસી પડ્યા હતાં. ગુલામ નબી આઝાદ અને આનંદ શર્મા તો મોં દબાવીને હસતા નજરે પડ્યાં હતાં.

તોમરે આગળ ઉમેર્યુ હતું કે, હું બે મહિનાથી ખેડૂતોના યૂનિયનોને પણ એ જ પુછી રહ્યો છું કે, કૃષિ કાયદામાં કાળુ શું છે? મને કહો તો હું તેને સુધારવાનો પ્રયાસ કરીશ. મેં બધાની વાતો સાંભળી પન કાયદાની જોગવાઈ ખેડૂતો માટે પ્રતિકૂળ કેવી રીતે છે તે વાત કોઈએ હજી સુધી કરી નથી.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારનો કાયદો ટેક્ષને ખતમ કરે છે જ્યારે રાજ્ય સરકારનો એક્ટ ટેક્ષ આપવા બાધ્ય કરે છે. હવે આ આંદોલન ટેક્ષ બંધ કરે છે તેના વિરૂદ્ધ હોવું જોઈએ કે ટેક્ષ લેનારાઓ વિરૂદ્ધ? પરંતુ દેશમાં તો અવળી ગંગા વહી રહી છે. ભારતની સરકાર સંપૂર્ણ રીતે ખેડૂતો પ્રત્યે સમર્પિત છે. અમે ખેડૂતોને સમ્માન આપવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. ૧૨ વાર સમ્માનસહ બોલાવીને વાત કરવામાં આવી. અમે એક પણ શબ્દ ખેડૂતો વિરૂદ્ધ બોલ્યા નથી. હાં, અમે એમ જરૂર કહ્યું છે કે, જો જોગવાઈમાં કોઈ ભૂલ હોય તો અમારૂ ધ્યાન જરૂરથી દોરો. અમે તેમની ભાવનાને ધ્યામાં રાખીને જે બિંદુઓ ચિન્હિત કરી શકાય તેને કર્યા પણ.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, અમે ખેડૂતોના એક પછી એક પ્રસ્તાવ આપવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. પરંતુ સાથે જ મેં એમ પણ કહ્યું હતું કે, ભારત સરકાર કોઈ પણ સંશોધન માંટે તૈયાર છે પરંતુ તેનો અર્થ એ નથી કે કાયદામાં કોઈ ભુલ છે. પરંતુ ખેડૂતો હજી આંદોલન કરી રહ્યાં છે. એક આખા રાજયમાં લોકો ગેરમાન્યતાનો ભોગ બન્યા છે. ખેડૂતોને એ વાતે ભરમાવવામાં આવ્યા છે કે, આ કાયદાથી તમારી જમીનો છીનવાઈ જશે. હું જાણવા માંગુ છું કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગમાં કોઈ એક જોગવાઈ આ પ્રકારની હોવાનું જણાવે. દુનિયા આખી કહે છે કે પાણીથી ખેતી થાય છે પરંતુ કોંગ્રેસ જ એક એવી પાર્ટી છે જે લોહીથી પણ ખેતી કરી શકે છે. ભારતીય જનતા પાર્ટી ક્યારેય આ પ્રકારે લોહીની ખેતી નથી કરતી. આમ કહેતા જ કોંગ્રેસે હોબાળો મચાવવાનું શરૂ કરી દીધું હતું.

# બજેટ સંપૂર્ણ રીતે સરકારના ઉદ્યોગપતિ મિત્રો પર કેન્દ્રીત છે: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી, કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રક્ષા બજેટને લઈને સરકાર પર હુમલો કરતા કહ્યું કે આમાં માત્ર ઉદ્યોગપતિ મિત્રોને લાભ પહોંચાડવાનું કામ થયું છે અને દેશની રક્ષામાં જોડાયેલા સૈનિકોની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે બજેટ સંપૂર્ણ રીતે સરકારના ઉદ્યોગપતિ મિત્રો પર કેન્દ્રીત છે અને આમાં સીમા પર દુશ્મન સામે લડી રહેલા સૈનિકોના હિતમાં કંઈ જ નથી.

રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યુ કે, ' મોદીના 'મિત્ર' કેન્દ્રીત બજેટનો મતલબ છે વિષમ પરિસ્થિતિઓમાં ચીન સામે ઝઝૂંબી રહેલા જવાનોને મદદ નહીં. દેશની રક્ષા કરનારાઓની સાથે વિશ્વાસઘાત.'

રાહુલ ગાંધીએ વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટને લઈને કેન્દ્ર સરકાર પર નિશાનો સાધ્યો અને આરોપ લગાવ્યો છે કે આ બજેટમાં સુક્ષ્મ, લઘૂ તથા મધ્યમ ઉદ્યોગો(એમએસએમઈ)ની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. તેમણે ટ્વીટ કરી કહ્યું હતું પ્રધાનમંત્રી મોદીના ઉદ્યોગપતિ કેન્દ્રીત બજેટનો મતલબ એ છે કે સંઘર્ષ કરી રહેલા એમએસએમઈને ઓછું વ્યાજ દર પર લોન નહીં મળે અને જીએસટીમાં રાહત પણ નહીં આપવામાં આવે.

કોંગ્રેસ નેતાઓએ આરોપ લગાવ્યો છે કે ભારતમાં સૌથી વધારે લોકોને રોજગાર આપવા માટે ક્ષેત્ર એમએસએમઈની સાથે વિશ્વાસઘાત થયો છે. રાહુલ ગાંધીએ બુધવારે સામાન્ય બજેટને એક ટકા લોકોનું બજેટ ગણાવ્યું હતુ અને સવાલ કર્યો હતો કે રક્ષા ખર્ચમાં ભારે ભરખમ વધારો ન કરી દેશનું કયુ ભલુ કર્યુ અને આ કેવી દેશભક્તિ છે?

તેમણે કહ્યું હતું કે આપણા જવાનોની પ્રતિબદ્ધતા ૧૦૦ ટકા છે અને તેવામાં સરકારની પ્રતિબદ્ધતા પણ ૧૧૦ ટકા હોવી જોઈએ. જે પણ આપણા જવાનોને જોઈએ તે તેમને મળવું જોઈએ. આ કેવી દેશભક્તિ છે કે સેનાને પૈસા નથી આપવામાં આવી રહ્યા.

## દૈનિક રાશીફળ

તા.૦૬.૦૨.૨૦૨૧ શનિવાર

મેષ (અ.લ.ઈ.) :- માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.
વૃષભ (બ.વ.ઉ.) :- શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.
મિથુન (ક.છ.ઘ.) :- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.
કર્ક (ડ.હ.) :- ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.
સિંહ (મ.ટ.) :- કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.
કન્યા (પ.ઠ.ણ.) :- કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.
તુલા (ર.ત.) :- જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.
વૃશ્ચિક (ન.ય.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.
મકર (ખ.જ.) :- વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.
કુંભ (ગ.શ.સ.) :- ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.
મીન (દ.ચ.ઝ.) :- કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ગેસ બોટલ પર રૂ.૨૫નો વધારો કરતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

દાહોદ, LPGના બાટલાની કિંમતમાં ફરીવાર થયેલા વધારાના પગલે ગૃહિણીઓના બજેટ ખોરવાશે. કડઋ્ના બાટલાની કિંમતમાં આ વખતે રૂ. ૨૫નો વધારો ઝીંકવામાં આવ્યો છે. જેના પગલે દાહોદમાં LPGના બાટલાની કિંમત રૂ. ૭૨૬ પર પહોંચી ગઈ છે. માત્ર બે માસના ટૂંકા ગાળામાં જ ગેસના બાટલાની કિંમતમાં રૂ. ૧૨૫નો તોતિંગ વધારો ઝીંકાતા ગૃહિણીઓની સ્થિતિ કફોડી બની છે. આ અગાઉ ૨ ડિસેમ્બરના રોજ રૂ. ૫૦નો અને ૧૫ ડિસેમ્બરના રોજ રૂ. ૫૦નો વધારો કરવામાં આવ્યો હતો. બીજી બાજુ સરકાર દ્વારા હજુ સુધી બાટલા પર અપાતી સબસીડી ચાલુ કરવામાં આવી ન હોવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આમ, માત્ર ૨ માસના ટૂંકા સમયમાં જ રૂ. ૬૦૧માં મળતો ગેસનો બાટલો રૂ. ૭૨૬ સુધી પહોંચી ગયો છે.

## રાઉન્ડ ફીગરમાં જ પૈસા વસૂલાય છે

ગેસના બાટલાના ભાવો મુજબ પૈસા ઉઘરાવવાના બદલે ડિલિવરી બોય રાઉન્ડ ફીગરમાં જ પૈસા ઉઘરાવતા હોવાનું જાણવા મળે છે. હાલમાં ગેસના બાટલાના ભાવ રૂ. ૭૨૬ છે. ત્યારે ડિલિવરી બોય દ્વારા રૂ. ૭૩૦ જ લેવાય છે. આ જ રીતે જ્યારે ભાવ રૂ. ૭૦૧ હતા. ત્યારે પણ ડિલિવરી બોય દ્વારા રૂ. ૭૧૦ ઉઘરાવતા હોવાનું જાણવા મળ્યું છે. આમ, ડિલિવરી બોય બાટલાની કિંમતને બદલે ત્યારબાદ આવતી રાઉન્ડ ફીગર ભાવ વસૂલી રહ્યાં છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, LPGના બાટલાના ભાવો સતત આસમાને જઈ રહ્યા હોઈ લોકોની હાલત કફોડી બની છે. ટૂંકા ગાળામાં સબસીડીવાળા LPG સિલિન્ડરના ભાવમાં સરકાર દ્વારા ફરી વધારો થતાં લોકોમાં રોષ ફેલાયો છે. નવેમ્બર, ૨૦૨૦ના અંત સુધી LPG સિલિન્ડરના ભાવ દાહોદમાં રૂ. ૬૦૧ હતા. જોકે, ત્યારબાદ ડિસેમ્બર માસમાં સિલિન્ડરના ભાવોમાં વધારો ઝીંકવામાં આવ્યો હતો. જેમાં સૌપ્રથમ ૨ ડિસેમ્બરના રોજ ગેસ સિલિન્ડરની કિંમતમાં રૂ. ૫૦નો વધારો કરી દેવાતા ભાવ રૂ. ૬૫૧ પર પહોંચ્યા હતા. ત્યારબાદ ૧૫ ડિસેમ્બરના રોજ ફરી વાર રૂ. ૫૦નો વધારો ઝીંકાયો અને દાહોદમાં બાટલાના ભાવ રૂ. ૭૦૧ સુધી પહોંચી ગયા હતા. આમ, ડિસેમ્બર માસમાં કડઋ્ના બાટલામાં માંડ ૧૫ દિવસના ટૂંકાગાળામાં રૂ. ૧૦૦નો તોતિંગ વધારો કરી દેવાતા ભારે આક્રોશ ફેલાયો હતો. ગૃહિણીઓ હજુ આ રૂ. ૧૦૦ના તોતિંગ વધારા સામે છંછેડાયેલી છે. ત્યારે સરકારે ફરીવાર LPGના બાટલામાં રૂ. ૨૫નો વધારો કરી દીધો છે. જેના પગલે હવે દાહોદમાં ગેસના બાટલાના ભાવ રૂ. ૭૨૬ સુધી પહોંચી ગયા છે. એક બાજુ ગેસના બાટલાના ભાવો સતત વધી રહ્યાં છે અને બીજી બાજુ આ બાટલા પરની સબસિડી લાંબા સમયથી બંધ કરી દેવાઈ છે. જેથી ગૃહીણીઓમાં વધુ રોષ જોવા મળી રહ્યો છે.

# દાહોદની નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો


દાહોદ, દાહોદની નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આજ રોજ મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી વિજય ખરાડીએ આ તકે ભારતીય લોકશાહી, બંધારણ, ચૂંટણી અને મતાધિકાર બાબતે સરસ માહિતી આપી હતી.

તેમણે મતદાતા જાગૃતિ અંગે વિશદ ચર્ચા કરી હતી અને યુવાનોની લોકશાહી દેશમાં ભૂમિકા વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે લોકશાહી માટે મતદાતાઓની જાગૃતિ ખૂબ મહત્વની છે. યુવાનોએ મતદાર યાદીમાં નામ નોંધાવવું, ચકાસવું તેમજ ચુંટણી પંચ દ્વારા આપવામાં આવતી વિવિધ સુવિધાઓ વિશે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા નોડલ અધિકારી(svap) કાજલબેન દવેએ મતદાતા જાગૃતિ અંગે ખૂબ જ અગત્યની માહિતી આપી હતી. ઉપરાંત કોલેજના આચાર્ય ડો. બી.સી. ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમની આભાર પ્રવચન જિલ્લા શિક્ષણ નિરીક્ષક સુરેશ મેડાએ કર્યું હતું.

મતદાર યાદીમાં નામ સૂધારણા, ઉમેરવા, ચકાસણી કરવા કે બાદ કરવા, સ્થળાંતર વગેરે બાબતે ઉપસ્થિત નાગરિકોને વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# ગુજરાતમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સનો પ્રારંભ થશે




ગાંધીનગર, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ટાટા ગ્રુપ સાથે મળીને ગાંધીનગરના નાસ્મેદ ગામ ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સ (આઈઆઈએસ) ની સ્થાપના કરવામાં આવી રહી છે. ટાટા ગ્રુપની હાઈ પાવર્ડ ટીમ દ્વારા પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, જેમાં વરિષ્ઠ અધિકારી એચ.એન. નિવાસ, કાયદાકીય સલાહકાર ઉદય ખરે અને તેમની ટીમનો સમાવેશ થાય છે. શ્રમ અને રોજગાર વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી વિપુલ મિત્રાએ ટાટા ગ્રુપને તાત્કાલિક ધોરણે આ અંગેની કામગીરી શરૂ કરવા જણાવ્યું છે.

ટાટા ગ્રુપે આ અંગેનો એક્શન પ્લાન આપ્યો હતો અને બને તેટલી ઝડપથી કામગીરી શરૂ કરવાની ખાતરી આપી હતી. ગુજરાત સરકાર અમદાવાદથી ૨૦ કિલોમીટર દૂર આવેલા નાસ્મેદ ખાતે આઈઆઈએસ માટેની કામગીરી શરૂ કરશે, જેનો ઉદ્દેશ હાઈલી સ્પેશિયલાઈઝ્ડ ક્ષેત્રોમાં તાલીમ આપવાનો છે. આ માટે રાજ્ય સરકારે ટાટા ગ્રુપને લગભગ ૨૦ એકર જમીનની ફાળવણી કરેલી છે. વિપુલ મિત્રાએ જણાવ્યું કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સનો ઉદ્દેશ તાલીમ આપવાનો અને ઉચ્ચ કૌશલ્યયુક્ત ટેક્નીકલ મેનપાવરને તૈયાર કરવાનો છે, જેથી કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબર સિક્યોરિટી, એડિટિવ મેન્યુફેક્ચરિંગ, ઓગમેન્ટેડ રિયાલિટી, સિસ્ટમ ઈન્ટિગ્રેશન, ક્લાઉડ બેઝ્ડ એપ્લિકેશન, સિમ્યુલેશન સોલ્યુશન્સ, ઈન્ડસ્ટ્રિયલ રોબોટ્સ, બિગ ડેટા એનાલિસિસ, ફેક્ટરી ઓટોમેશન, ડિજિટલ મેન્યુફેક્ચરિંગ, સ્માર્ટ મિકેટ્રોનિક્સ, પ્રિડિક્ટિવ મેઈન્ટેનન્સ, ડિજિટલ ક્વૉલિટી અને ડિઝાઈન જેવા ટેક્નોલોજી અને મેન્યુફેક્ચરિંગ ટ્રેડ્સ જેવાં હાઈલી સ્પેશિયલાઈઝ્ડ ક્ષેત્રોની કૌશલ્યવાળા કર્મચારીઓની માંગને પૂરી કરી શકાય. આ ઉપરાંત, આવા ક્ષેત્રોમાં ડિફેન્સ, એરોસ્પેસ, ઓઈલ અને ગેસ સંબંધિત વેપારનો પણ સમાવેશ થાય છે.

# ‘સપ્તક ગોધરા’ દ્વારા ઈ-કવિ સંમેલન યોજાયું

**તને આખી દુનિયા ય ઓછી પડે છે**
**મને તો ફકત એક તું જોઈએ છે.**

ગોધરા, સાહિત્ય , સંગીત અને કલા માટે સતત કાર્યરત સંસ્થા સપ્તક ગોધરા દ્વારા અંતરનું અજવાળુંક શીર્ષક અંતર્ગત ઈ – કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદ, ગોધરા, આણંદ, સંતરામપુર અને શહેરમાંથી ૧૫ જેટલાં કવિઓએ પોતાની રચનાઓ પ્રસ્તુત કરી હતી. સંમેલનના આયોજનકત કવિ ત્રિલોક મહેતાએ કહ્યું હતું કે, ગોધરાના લારા હોસ્પિટલના ડો. સુજાઅત વલી, હિરેનભાઈ પુરોહિત દ્વારા સમગ્ર કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં ગોધરાના રીષભ મહેતા, ગાયત્રી ભટ્ટ , વિનોદ ગાંધી, મોહસીન મીર, મીરેન પંડ્યા, સુકેશ પરીખ, સતિષ ચૌહાણ, ફિરોઝખાન, દાહોદ થી રાજુભાઈ ગોહિલ કંવલ, સંતરામપુર થી પિયુષ પરમાર, આણંદ થી દીપક સોલંકી અને વડોદરા થી બ્રિજ પાઠકઅને ત્રિલોક મહેતા એ વતન પ્રેમ, માનવતા, આધ્યાત્મ, ફકીરાઈ જેવા વિષયો પર પોતાની રચનાઓ પ્રસ્તુત કરી હતી.

શું કરી બતલાવું એનો એ જીવનમાં,
તું કહે તો આવું એનો એ જીવનમાં..
આ શટર જેવું ઉપડીને બંધ થવું એ,
હું નવું શું લાવું એના એ જીવનમાં...
મોક્ષ નામે ચાદર વણતાં સુણો સાધો,
લો ફરી સમજાવું એનો એ જીવનમાં ...
હું જવાબી હુંડીમાં લખવાનો છું કે ... !
હાથ નહીં સળગાવું એનો એ જીવનમાં ..
તું કિશ્રુ છોડ અને ઘુઘવતો દરિયો જો,
ઓટ ભરતી થાવું એનો એ જીવનમાં
**કવિ : બ્રિજ પાઠક**

એટલી છે. ભવ્યતા તારી કે શું આપું તને ?
છે જ ક્યાં ઔકાત મારી ક્યાંથી માડું તને !
સેંકડો , લાખો , કરોડો છે જગતમાં એ બધાં.
કોઈપણ નામે અવિરત હું ફક્ત જાડું તને ..
ગીત ના ગાઈ શકું, સંગીતના જાણું કશું
તોય શ્વાસોચ્છવાસ રૂપે નિત્ય આલાપું તને...
આંખના એકેય દ્રશ્ય હોય છે ક્યાં કાયમી?
એટલે મારા હૃદયમાં છે કે લે છાપું તર્ન ..
આપણે બંને રહ્યાં મિત્રો અનાદિ કાળના
હુંક મટીને આખરે હુંમાં હવે સ્થાપું તને
**કવિ : ત્રિલોક મહેતા**

મને એ ખબર છે, કશું જોઈએ છે
પરંતુ ન સમજાતું, શું જોઈએ છે ?!
તને આખી દુનિયા ય ઓછી પડે છે
મને તો ફકત એક તું જોઈએ છે .
મને તો જ સમજણ પડે, કેમ ચાલું ?
મને કોઈ આડું ઉભું જોઈએ છે !
ચલો ! આપવું હો તો આપી દો ઈશ્વર
મને એક આંસુ મીઠું જોઈએ છે !
મહાદેવ ! બેથી નહીં કામ ચાલે
હવે નેત્ર મારે ત્રીજું જોઈએ છે !
ચલાવી લઉં છું બધાના વગર હું
હકીકતમાં કિન્તુ બધું જોઈએ છે.
બધા આંખ સામે જ જોયા કરે છે ,
કોઈ તો પૂછે : “ બોલ, શું જોઈએ છે ? ”
**ગઝલ : રિષભ મહેતા**

# શિયાળું વિઝા લઈ યુરોપથી છેક દાહોદ આવેલા બતક રેડ ક્રિસ્ટેડ પોચાર્ડ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદમાં શિયાળાની મોસમ પક્ષીવિદો–પ્રેમીઓ માટે અનોખો અવસર લઈને આવે છે. માગસર મહિનાની આસપાસ જયારે ઠંડી જોર પકડવાનું શરૂ કરે છે. ત્યારે છેક યુરોપથી પ્રવાસ કરીને આવતા રેડ ક્રેસ્ટેડ પોર્ચાડ જેને ગુજરાતીમાં લાલચાંચ કારચીયા કે રાતોબારી કહે છે. દાહોદમાં મોટી સંખ્યામાં પોતાનો શિયાળો ગાળે છે. ગુજરાતમાં થોર જેવા તળાવમાં પણ આ પક્ષી માંડ બે–ત્રણ જોવા મળતાં હોય છે. જયારે દાહોદનાં નગરાળા–દસાલા તળાવ ખાતે પક્ષીપ્રેમીઓ તેમને નરી આંખે આસાનીથી નિરીક્ષણ કરી શકે છે તે પણ દોઢ સોથી પણ વધુ સંખ્યામાં. જે અન્ય કોઈ પણ જગ્યાએ ખૂબ મૂશ્કેલ છે.

પક્ષીપ્રેમી અને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરતાં અમદાવાદના મુકેશ આચાર્ય ખાસ આ પક્ષીની ફોટોગ્રાફી કરવા માટે દાહોદ આવે છે. પક્ષી અભ્યાસી આચાર્ય જણાવે છે કે, સાઈબેરીયા–યુરોપના દેશોમાંથી પ્રવાસ કરીને આવતું આ માઈગ્રન્ટ (યાયાવર) પક્ષી શિયાળામાં જયારે યુરોપીય દેશોમાં બર્ફીલી મોસમમાં ખોરાકની અછત વર્તાતા હજારો કિલોમીટરનો પ્રવાસ કરીને ગુજરાત આવે છે. ગુજરાતમાં પણ ખાસ કરીને દાહોદમાં રાતોબારી મોટી સંખ્યામાં જોવા મળે છે. દાહોદના નગરાળા અને દસલા તળાવ ખાતે તે મોટી સંખ્યામાં જોઈ શકાય છે.

રેડ ક્રેસ્ટેડ પોર્ચાડમાં માદાં કરતા પ્રમાણમાં નર રાતોબારી ખૂબ જ આકર્ષક દેખાવ ધરાવે છે. તેને જોતા જ ઓળખી શકાય છે. જયારે માદા રાતોબારી એટલી દેખાવડી નથી હોતી. નર પક્ષી તેના સોનેરી અને છીંકણી રંગના મિશ્રણવાળું માથું અને લાલચટક ચાંચને લીધે તરત ઓળખાઈ જાય છે. જયારે માદા રેડ ક્રેસ્ટેડ પોચાર્ડ છીંકણી રંગનું હોય છે. અન્ય પ્રવાસી પંખીઓની સરખામણીમાં રાતોબારીને તેની લાલચાંચ પરથી ઓળખવા ખૂબ સહેલા છે, માટે તેમને લાલ ચાંચ કરચીયા પણ કહેવામાં આવે છે.

આ પક્ષી મૂળ તો ડકસ(બતક) પ્રજાતિનાં છે. સાઉથ યુરોપના તળાવોમાં તેઓ પોતાના ઈંડા મૂકે છે. જયારે શિયાળામાં હિમઋતુના આગમન બાદ મધ્ય એશિયા તરફ ખોરાકની શોધમાં પ્રયાણ કરે છે અને ભારતમાં તેનો શિયાળો ગાળે છે.

આ રેડ ક્રેસ્ટેડ પોચાર્ડના વર્તુણકનો અભ્યાસ ખૂબ રસપ્રદ બની રહે છે. આમ તો આ પક્ષી માણસોથી ખાસ્સાં શરમાતા પક્ષીઓ છે. એટલે કે માણસ હોય ત્યાં સુધી કિનારા પર આવતા નથી. પરંતુ દાહોદનાં તળાવોમાં તેઓ થોડી છૂટ લેતા નજરે પડે છે. માણસોની અવરજવર હોવા છતાં તેઓ કિનારા પર આવતા જોવા મળે છે. સામાન્ય રીતે દિવસે તેઓ પીઠ પર માથું નાખીને સુઈ જતા કે અન્ય પ્રવૃતિ કરતા જોવા મળે છે. જયારે રાતે કિનારા પર માણસોની અવરજવર બંધ થતાં કિનારા પરની વનસ્પતિને પાણીમાં ડુબકી મારીને ખાતાં હોય છે. તળાવમાંની વનસ્પતિના પાન, તેના મૂળિયા રાતોબારીનો ખોરાક. દાહોદના નગરાળા અને દસલા તળાવના છીછરાપણા અને વનસ્પતિને લીધે અહીં તે મોટી સંખ્યામાં જોવા મળી રહ્યાં છે. અહીંનું વાતાવરણ તેમને બધી રીતે માફકસર આવી રહ્યું છે. અહીંના તળાવોમાં રાતોબારી ડૂબકીઓ મારતા કે ઉડતા જોવાનો અનોખો જ લહાવો છે. તેઓ જયારે ડૂબકી મારીને બહાર આવે અને ભીના થયેલા માથાને સૂકવવા માટે માથું ફૂલાવે છે ત્યારે ઓર સુંદર લાગે છે. આ પક્ષીઓને સમૂહમાં તરતા જોવા આહ્લાદક અનુભવ બની રહે છે.

મુકેશ આચાર્ય જણાવે છે કે, પ્રાકૃતિક રીતે જળવાયેલું, ખાસ કરીને છીછરા પાણીનું તળાવ આ પક્ષીઓને આકર્ષે છે. તળાવનું આ કુદરતીપણું જાળવી રાખવું જરૂરી છે. દાહોદના તળાવોમાં ગિરીજા એટલે કે કોટન ટીલ પણ જોવા મળી રહ્યા છે.

# દાહોદના જાલત ગામે ફોર વ્હીલની અડફેટે બાઈક ચાલકનું મોત : એકને ઈજા

દાહોદ, દાહોદ તાલુકાના જાલત ગામે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તાની સાઈડમાં ઉભેલ એક વ્યક્તિ અને એક મોટરસાઈકલના ચાલકને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાંસી જતાં બે પૈકી એકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું હતું ત્યારે અન્ય એકને શરીરે, હાથે, પગે ઈજાઓ પહોંચતા નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

મધ્યપ્રદેશના રાણાપુર તાલુકાના કુંદરપુર ગામે રહેતા નનેશભાઈ ધીસીયાભાઈ ડોડીયાર અને તેમની સાથે મોટરસાઈકલ રસ્તાની સાઈડમાં લઈ ઉભા રહેલા સુરેશભાઈ દિતાભાઈ ડોડીયાર આ બંન્ને જણા ગત તા.૦૪ ફેબ્રુઆરીના રોજ જાલત ગામે રસ્તાની સાઈડમાં ઉભા હતાં. આ દરમ્યાન ત્યાંથી એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ઉપરોક્ત રસ્તાની સાઈડમાં ઉભેલ બંન્ને જણાને અડફેટમાં લેતાં સુરેશભાઈ દિતાભાઈ ડોડીયારને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓનું મોત નીપજ્યું હતું જ્યારે નનેશભાઈ ધીસીયાભાઈ ડોડીયારને શરીરે, હાથે, પગે ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક સ્થાનીકો મારફતે નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે ઈજાગ્રસ્ત અને સારવાર લઈ રહેલા નનેશભાઈ ડોડીયાર દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં બેવડી ઋતુઓનો અનુભવ

દાહોદ, દાહોદ શહેરમાં એકતરફ બપોરે સામાન્ય ગરમી જ્યારે બીજી તરફ મોડી રાત્રે અને વહેલી સવારે શિયાળાની ઠંડકનો અહેસાસ થઇ રહ્યો છે. આગામી અઠવાડિયામાં શહેરમાં ગરમીનું પ્રમાણ ઘટવાની શકયતા છે. બીજી તરફ, આજે દાહોદ નું લઘુતમ તાપમાનનો પારો ગબડી જતા પરોઢે ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થયો હતો.

આજે દાહોદ શહેર સહિત આસપાસના તાલુકાઓમાં મહત્તમ તાપમાનમાં વધારો થતાં ગરમીમાં અંશતઃવધારો થયો હતો. બપોરના સમયે પારો ૨૮ ડિગ્રીની ઉપર પહોંચી જતા બપોરના સમયે સામાન્ય ગરમીનો અહેસાસ થઇ રહ્યો છે. જ્યારે લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રીની નીચે રહેતા મોડી રાત્રીથી પરોઢ સુધી વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે.

આમ એક જ દિવસે બેવડી ઋતુનો અનુભવ છેલ્લા ઘણા દિવસોથી થઇ રહ્યો છે જેના કારણે લોકો વાઈલર ઈન્ફેકશનનો ભોગ બન્યા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, રાજ્યમાં ઉત્તર–પૂર્વીય પવનોને પગલે દાહોદ જિલ્લાના તાપમાનમાં મહત્તમ ઘટાડો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# દાહોદના વરમખેડા ગામે ૧૦ હજારના દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

દાહોદ, દાહોદ તાલુકાના વરમખેડા ગામેથી એક રહેણાંક મકાનમાંથી પોલીસને મળેલ બાતમીના આધારે ઓંચિંતી પ્રોહી રેડ કરતાં નાશભાગ મચી જવા પામી હતી. આ દરમ્યાન પોલીસે ઘરધણીને ઝડપી પાડી મકાનમાં તલાસી લેતાં વિદેશી દારૂનો જંગી જથ્થો બોટલો નંગ.૯૭૨ કિંમત રૂા.૧,૧૦,૫૨૦નો પ્રોહી મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વરમખેડા ગામે પુજારા ફળિયામાં રહેતા ભરતભાઈ માનસીંગભાઈ પરમાર પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો મોટા પાયે ધંધો કરતો હોવાની પોલીસને બાતમી મળતાં ગતરોજ દાહોદ તાલુકા પોલીસે આ મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી હતી અને પોલીસને જોઈ ભાગવા જતાં ભરતભાઈ માનસીંગભાઈ પરમારને પોલીસે દબોચી લીધો હતો. આ બાદ પોલીસે તેના મકાનની તલાસી લેતાં તેમાથી વિદેશી દારૂની બોટલો નંગ.૯૭૨ જેની કુલ કિંમત રૂા.૧,૧૦,૫૨૦ નો પ્રોહી જથ્થો કબજે લઈ ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કોરોના વેક્સિનેશનના બીજા તબક્કામાં જિલ્લા વિકાસ અધિકારીએ વેક્સિન લીધી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદના નવા બનેલા અર્બન હેલ્થ સેન્ટર ખાતે જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે કોરોનાની વેક્સિન લીધી હતી. કોરોના વેક્સિનેશનના બીજા તબક્કાનું રસીકરણ ચાલુ છે. ત્યારે જિલ્લા વિકાસ અધિકારીએ આજ રોજ વેક્સિન લઈને સૌ કર્મચારીઓને ભયમુક્ત થઈને કોરોનાની વેક્સિન લેવા જણાવ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી રાજે જણાવ્યું કે, રાજય સરકારે શરૂ કરેલા વેક્સિનેશનના બીજા તબક્કામાં આજ રોજ મેં વેક્સિન લીધી છે. આ વેક્સિન બાબતે ઘણી અફવાઓ ફેલાઈ રહી છે. આવી અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવું જોઈએ અને ભયમુક્ત થઈને કોરોનાની રસી અવશ્ય લેવી જોઈએ. કોરોના વેક્સિન લઈને અન્ય લોકોને પણ વેક્સિન લેવા પ્રેરિત કરવા જોઈએ.

# દાહોદ જિલ્લાની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ઓનલાઈન પ્રવેશની કામગીરી શરૂ

દાહોદ, દાહોદ જિલ્લાની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ગ્રાન્ટ ઈન એઈડ તેમજ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો ખાતે પ્રવેશસત્ર ઓગષ્ટ ૨૦૨૦ અંતર્ગત ખાલી રહેલી બેઠકો માટે ઓનલાઈન પ્રવેશની કામગીરી આજ રોજ તા. ૦૫ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી છે. ઈચ્છુક ઉમેદવારોએ આ માટે આગામી તા. ૧૧ ફેબ્રુઆરી સાંજે ૬ વાગ્યા સુધીમાં પ્રવેશફોર્મ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે રજીસ્ટર કરાવવાના રહેશે. સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી તા. ૧૨/૨/૨૦૨૧ થી તા. ૧૫/૨/૨૦૨૧ દરમિયાન કરવામાં આવશે. ખાલી રહેલી બેઠકો પર ઓનલાઈન પ્રવેશની આ સાતમા રાઉન્ડની કામગીરી છે તેમ દાહોદની ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 140

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## સ્વચ્છતા અભિયાનમાં ક્રમાંક મેળવવાના ગોધરા પાલિકાના મથામણાં પણ

# ઉભરાતાં કન્ટેનરોના કચરાંને લઈ જવાના ખર્ચા બચાવવાના પેંતરા

- રાત્રીના સમયે કન્ટેનરમાં આગ લગાડીને ગંદકી દુર કરવાના પ્રયત્નો.
- માનવબળ અને ડીઝલ ખર્ચો બચાવવા માટે પાલિકા અને કોન્ટ્રાકરના કારસ્તાન થી પ્રજામાં આશ્ચર્ય.
- ડમ્પીંગ સાઈટમને બદલે સ્થળ પર જ ગંદકીનો નિકાલ કરી સ્વચ્છતાના ઉભા કરાતા દ્રશ્યો.
- ખાણી પીણીની સામગ્રી સાથે ઘન પદાર્થ હોવાના કારણે ઝડપથી સળગતા નથી.
- ધુમાડાના ગોટેગોટા સજાતા રાહદારીઓ, વાહન ચાલકો તથા રહિશોને આંખમાં બળતરા
- સ્વચ્છતા માટે નિયમીત કન્ટેનરો વાહન મારફતે ડમ્પીંગ સાઈટ પર લઈ જઈને યોગ્ય નિકાલ કરાય તેવી શહેરીજનોની માંગ.



ગોધરા,

ગોધરા શહેરમાં ઠેરઠેર કચરા માટેના કન્ટેનર મુકવામાં આવેલા છે. પરંતુ પાલિકાની કે ખાનગી કોન્ટ્રાકટરની આ કન્ટેનરને ડમ્પીંગ સાઈટ હમીરપુર ઠાલવવાના બદલે જાણે માનવબળ અને નાણાં બચાવવાનો પેતરો હોય તેમ રાતના સમયે આગ લગાડીને સ્થળ ઉપર જ કન્ટેનરના કચરાનો નિકાલ કરવાની નીતિને લઈને ધુમાડા પ્રસરાતા રહિશોમાં નારાજગી વ્યાપી છે. સાથે સાથે સમયસર કન્ટેનર ગંદકી થી ઉભરાય તે પૂર્વે તેને ખાલી કરવમાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

ગોધરા શહેરમાં રોજીંદા વપરાશ બાદનો કચરો ગમે તેમ ફેંકવામાં ન આવવાની સાથે જાહેર સ્થળો એ તેના યોગ્ય નિકાલ માટે નગર પાલિકા દ્વારા કન્ટેનર મૂકવામાં આવ્યા છે. જેમાં પાલિકા વિસ્તાર, તળાવ રોડ, બગીચા રોડ, ચર્ચ પાસે, બામરોલી રોડ, ભુરાવાવ, શહેરા ભાગોળ સહિતના જાહેર માર્ગો પર મૂકાયેલા કન્ટેનરોમાં રોજીંદા આવતા જતાં લોકો તથા દુકાનદારો દ્વારા કચરો ઠાલવવામાં આવતા એક પ્રકારે કન્ટેનરો ઉપયોગી નિવડી રહ્યા છે. ગોધરા શહેરને સ્વચ્છ રાખવામાં ફાળો આપનાર કન્ટેનરો રોજેરોજ ભરાઈ જતાં હોય છે. અને વખતોવખત આ ગંદકીનો નિકાલ કરવામાં આવતો હોવાનું જોવા મળે છે. પરંતુ છેલ્લા કેટલાક સમય થી આ કન્ટેનરોમાં ઠલવાતા ગંદકી–કચરાંને ઉઠાવામાં નગર પાલિકા અને કોન્ટ્રાકટર દ્વારા ઉદાસીનતા દાખવાઈ રહી છે. કારણ કે, રોજેરોજ ખાણીપીણી તથા નકામા કચરા ઠાલવવામાં આવતાં રોજેરોજ ભરાઈ ગયેલા કન્ટેનરને ખાલી કરવામાં આવતાં નથી. મનસ્વીપણે ખાલી કરવામાં આવે છે. અઠવાડિયા સુધી કન્ટેનરો ખાલી કરવામાં ન આવતાં રોજેરોજ નવી ગંદકી ઠલવાઈને બહાર રસ્તા ઉપર ઉભરાઈ જાય છે. આ ઉભરાઈ ગયેલી ગંદકી રોડ ઉપર પથરાય છે. કારણ કે, ગાય, કુતરા જેવા પશુઓ મોં મારીને ખાવાનું શોધે છે. જેના કારણે ગંદકી રફેદફે થાય છે. ખાસ કરીને ખાવાની શોધમાં ગાય, કુતરા પ્લાસ્ટીક ખાતાં હોવાને લઈને તેઓ બીમારીમાં પટકાતા ધાર્મિક લાગણી દુભાઈ છે. એટલું જ નહીં પવન તથા વાહનોની અવરજવરના કારણે માર્ગ ઉપર પથરાયેલી ગંદકી આમ તેમ પ્રસરાતા આવતા જતાં રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તે માટે અગાઉ વિવિધ વિસ્તારોમાંથી જાગૃત નાગરિકો દ્વારા સાફ સફાઈની માંગ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં ભરવામાં આવતાં નથી. ત્યારે છેલ્લા કેટલાક સમયથી વિવિધ વિસ્તારોમાં ગંદકી થી છલોછલ ઉભરાતા કન્ટેનરોમાં આગ લગાડીને જાણે સ્વચ્છતા કરવાના પ્રયત્નો કરાતા પ્રજામાં આશ્ચર્ય વ્યાપ્યું છે. શહેરવાસીઓ સ્વચ્છતા વેરારૂપે નાણાં પાલિકાને જમા કરાવે છે. અને આ નાણાં માંથી સ્વચ્છતા જાળવવાની જવાબદારી નગર પાલિકાની છે. નગર પાલિકા એ ડોર ટુ ડોર કલેકશન અને સ્વચ્છતા માટે ખાનગી કોન્ટ્રાકટ નિમવામાં આવ્યા છે. આ કન્ટેનરોને શહેર દુર આવેલા હમીરપુર ખાતે ઉભા કરવામાં આવેલ ડમ્પીંગ સાઈડ ઉપર ઠાલવવા માટે વાહનનો ઉપયોગ કરવો પડે છે. વળી, આ કન્ટેનરોને લાવવા લઈ જવા માટે કર્મચારીની જરૂર પડે છે. પરંતુ પાલિકા અને કોન્ટ્રાકટર દ્વારા માનવબળ અને ડીઝલ ખર્ચ તથા વાહનનો ઘસારો બચાવવા માટે અંધારાના સમયે આવીને કન્ટેનરમાંના કચરાને આગ લગાડી દેવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી આ ઉભરાતા આ કન્ટેનરોના કચરાને યોગ્ય નિકાલ માટે ડમ્પીંગ સાઈટમાં લઈ જવાના બદલે જાણે સ્થળ પર જ નિકાલ કરીને ગંદકી દુર કરી સ્વચ્છતાના દ્રશ્યો ઉભા કરવા માટે આગ લગાડવામાં આવે છે. પરંતુ કન્ટેનરમાં ખાણી પીણીની સામગ્રી સાથે ઘન પદાર્થ હોવાના કારણે ઝડપ થી સળગતા નથી. પરંતુ માત્ર ધુમાડાના ગોટેગોટા સર્જાય છે. ધીરેધીરે ધુમાડાના ગોટેગોટા હવામાનમાં પ્રસરાઈને આસપાસથી પસાર થઈ રહેલા રાહદારીઓ, વાહન ચાલકો તથા રહિશોને આંખમાં બળતરા થતા હોવાની નારાજગી જન્મી છે. આમ, પાલિકા અને કોન્ટ્રાકટર દ્વાર માત્ર ડીઝલ બચાવવાના કારસ્તાના હોવાનું લોકો ચર્ચા કરી રહ્યા છે. જેથી પાલિકા એ સંપૂર્ણ પણે સ્વચ્છતા જાળવવી હોય તો નિયમીત કન્ટેનરોના કચરાને વાહન મારફતે ડમ્પીંગ સાઈટ પર લઈ જઈને યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી શહેરીજનોની માંગ છે.

### દેખરેખ માટે કર્મચારીઓની અલાયદી ટીમ બનાવાઈ

ગોધરા શહેરના વિવિધ વિસ્તારમાં મૂકાયેલા કન્ટેનરોમાંના કચરાને રોજેરોજ યોગ્ય સ્થળે નિકાલ કરવો જોઈએ. નિયમિત પણે સ્વચ્છતા જાળવવી જોઈએ. જો આ પ્રકારે આગ લગાવીને નિકાલ કરાતો હોય તો અયોગ્ય છે. વળી, આ માટે રજુઆત થતાં પાલિકા એ તેની દેખરેખ માટે ર્મચારીઓની અલાયદી ટીમ બનાવવામાં આવી છે.

**સંજયભાઈ સોની, વિપક્ષી નેતા**

## મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ગોધરા ખાતે બાઈક રેલીઓનું આયોજન કરાયું



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં મતદાર જાગૃત અભિયાન–૨૦૨૧ અંતર્ગત ગોધરા શહેરમાં ૪ સ્થળોએ મતદાર જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર અમિત અરોરાએ ગોધરાના એસઆરપી ગ્રાઉન્ડ ખાતેથી બાઈક રેલીને પ્રસ્થાન કરાવતા જણાવ્યું હતું કે મતદાનનો અધિકાર લોકશાહીની ભેટરૂપે મળેલા સૌથી અગત્યયના અધિકારો પૈકીનો એક છે. લોકશાહીને ટકાવવા, વિકસાવવા અને વધુ મજબૂત બનાવવા દરેક લાયક મતદેર મત આપવાના પોતાના આ અધિકારનો અચૂકપણે ઉપયોગ કરવો જોઈએ. પંચમહાલ જિલ્લામાં જિલ્લા પંચાયત–તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે મતદારો પોતાના મતદાનના અધિકાર વિશે વધુ જાગૃત બને અને વધુમાં વધુ મતદારો મતદાન કરવા માટે આગળ આવે તે માટે મતદાર જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આજે જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે ૪ બાઈક રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર ઉપરાંત પ્રાંત અધિકારી વિશાલ સકસેનાએ ગાયત્રીનગર ખાતેથી, જિલ્લા શિક્ષણાધિકારીએ પોલિસ હેડક્વાર્ટર્સ ખાતેથી તેમજ ગોધરા મામલતદારએ ઈકબાલ ગર્લ્સ હાઈસ્કૂલ, પોલન બજાર ખાતેથી રેલીઓને પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીઓમાં પોલિસ લાઈન, દલુની વાડી, ટુવા, ગોવિંદી, ગદુકપુર, મહુલીયા, નદીસર, ગોઠડા, કલ્યાણા, એસ.આર.પી., રતનપુર, મોરડુંગરા, અંબાલી છાત્રાલય, વેલવડ, ધાણીત્રા, કાંકણપુર, પરવડી, એરંડી, દક્ષિણ બોડીદ્રા, ભામૈયા, ગોલ્લાવ, છાવડ, ઓરવાડા, પોલન બજાર, વણાંકપુર, જીતપુરા, મહેલોલ, રામપુર જોડકા, વાવડી ખુર્દ બગીડોલ સહિતના કલસ્ટરના ૬૦૦થી વધુ શિક્ષકો સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કના પાલન સાથે જોડાયા હતા. રેલી અગાઉ તમામ ભાગ લેનારાઓએ મતદાર જાગૃતિ અંગેના શપથ લઈ તે દિશામાં સતત કાર્ય કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. એસ.આર.પી. ગ્રાઉન્ડ ખાતેના કાર્યક્રમમાં એસ.આર.પી. ડિવાયએસપી ચૌધરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ. પટેલ તેમજ શિક્ષકો સહભાગી થયા હતા.

## શહેરા ખાતે યોજાયેલ વોલીબોલ ટુર્નામેન્ટમાં બાલાસીનોરની ટીમનો વિજય



શહેરા,

શહેરા નગરમાં એક દિવસીય વોલીવોલ ટુર્નામેન્ટ–૨ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલાસિનોરની ટીમનો વિજય થતાં ટ્રોફી અને રૂ.૫૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

પંચમહાલ જિલ્લાના શહેરા નગરમાં એક દિવસીય વોલીબોલ ટુર્નામેન્ટ–૨ રમતનું આયોજન નગરના રહીશ મોહમ્મદ હનીફખાન પઠાણ, અમાનુલ્લાખાન પઠાણ અને લીયાકતખાન પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં શહેરા સહિત અલગ–અલગ ગામોની ૧૪ જેટલી ટીમોએ ભાગ લીધો હતો, જે પૈકી શહેરાની ૧,ગોધરા ૩, બાલાસિનોર ૧,લીમખેડા ૧,ધામણોદ ૧, ભદ્રાલા ૧,નાંદરવા ૧, ગોધરા એસઆરપી ૧, લુણાવાડા ૧,અણીયાદ ૧, સંતરોડ ૧ અને મોરવા હડફની ૧ આમ કુલ ૧૪ ટીમોએ વોલીબોલ ટુર્નામેન્ટ–૨ માં ભાગ લીધો હતો. આ વોલીબોલ ટુર્નામેન્ટ–૨ બુધવારના રોજ શહેરા નગરના દૂધલાઈ વિસ્તારમાં આવેલ મેદાનમાં સાંજના ૬ વાગે શરૂ કરવામાં આવી હતી મોડી રાત્રિના ૧ વાગ્યા સુધી રમાઈ હતી. જેમાં બાલાસિનોરની ટીમ વિજેતા બની હતી. જ્યારે નાંદરવા ટીમની હાર થઈ હતી, જેને લઈને આયોજકો દ્વારા વિજેતા ટીમને ટ્રોફી અને રૂ.૫૦૦૦ નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું, જ્યારે નાંદરવા હારેલ ટીમને રૂ.૨૦૦૦ નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.


## ઘોઘંબાના દેવલીકુવા ગામે રોડ ઉપર કારમાં લઈ જવાતો ૧ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દેવલીકુવા ગામે દામાવાવ પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી ફોર વ્હીલને રોકી હતી અને ચેકીંગ કરતાં કારમાંથી ઈંગ્લીશ દારૂ કિંમત ૧,૦૩,૨૦૦/–રૂપીયાના જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના દેવલીકુવા ગામ તરફ જવાના રોડ ઉપર દામાવાવ પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી હુન્ડા એસન્ટ કાર નંબર જીજે.૦૩.સીઆર.૭૫૧૫ને રોકવા માટે ઈશારો કરતાં કાર ચાલક વાહન ભગાવી મૂક્યું હતું. પોલીસે પીછો કરતાં કાર ચાલક પોતાનું વાહન રોડ સાઈડમાં મૂકીને નાશી છુટીયો હતો. પોલીસે કારનું ચેકીંગ કરી કાર માંથી ઈંગ્લીશ દારૂ વ્હીસ્કીની બોટલો નંગ–૨૪૦ કિંમત ૧,૦૩,૨૦૦/–રૂપીયા તથા કાર કિંમત ૧ લાખ રૂપીયા મળી કુલ ૨,૦૩,૨૦૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે કાર ચાલક વિરૂદ્ધ પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા બામરોલીના BSF જવાનનું ફરજ પર મોત થતાં વતનમાં ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધી





તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના બામરોલી ગામના BSFના જવાનનું ફરજ દરમિયાન ચક્કર આવતા મોત થયા બાદ ગુરૂવારની મોડી રાત્રિએ તેઓના પાર્થિવદેહને માદરે વતન બામરોલી ખાતે લવાયો હતો,દેશભકિતના ગીતો સાથે રમેશભાઈ તુમ અમર રહો, ભારત માતા કી જય ના નારા સાથે અંતિમયાત્રા નીકળી હતી. ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય અપાઈ હતી.

શહેરા તાલુકાના બામરોલી ગામના બરજોડ ફળિયામાં રહેતા રમેશચંદ્ર લક્ષ્મણભાઈ બરજોડ અંદાજે છેલ્લા ૨૧ વર્ષથી બી.એસ.એફ ની ૩૭બટાલીયનમાં ફરજ બજાવતા હતા અને હાલ તેઓ બનાસકાંઠાના દાંતીવાડા ખાતે ફરજ બજાવી રહ્યા હતા,જેઓ એક મહિના પહેલા સામાજિક કામ અર્થે પોતાના વતન બામરોલી ખાતે આવ્યા હતા અને રજા પુરી થતા જવાન રમેશચંદ્ર બુધવારે ફરજ પર હાજર થયા હતા. જ્યાં પરેડ દરમિયાન તેઓને અચાનક ચક્કર આવતા તેઓ નીચે પડી જતા ત્યાં હાજર જવાનોએ તેઓને સારવાર અર્થે ખસેડ્યા હતા, પરંતુ તબીબે જવાન રમેશચંદ્રનું મોત થયાનું જાહેર કર્યું હતું.જેની જાણ તેઓના પરિવારજનોને થતાં ઘેરાશોકની લાગણી છવાઈ હતી, અને BSFના જવાન રમેશચંદ્રના પાર્થિવદેહ લેવા માટે પરિવારજનો દાંતીવાડા ખાતે પહોંચ્યા હતા. ગુરૂવારની રાત્રિના ૧૨ વાગ્યાના સુમારે જવાન રમેશચંદ્રનો પાર્થિવદેહ શહેરા ખાતે આવી પહોંચતા શહેરાના રિલાયન્સ પેટ્રોલ પંપથી ડી.જે. સાથે BSFના જવાનના પાર્થિવદેહને બામરોલી ગામ ખાતે લઈ જવાયો હતો જેમાં બાઈક રેલી સ્વરૂપે શહેરા સહિત આસપાસના વિસ્તારના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. શુક્રવારના રોજ દેશભકિતના ગીતો સાથે રમેશભાઈ તુમ અમર રહો, ભારત માતા કી જય ના નારા સાથે અંતિમયાત્રા નીકળી હતી.

સ્મશાન ખાતે બી.એસ.એફ જવાન રમેશચંદ્રને ૩૭ બટાલીયનના જવાનોએ ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપી તેમના પાર્થિવ દેહને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો.આમ રમેશચંદ્ર બરજોડની અંતિમ વિદાય સમયે દેશભકિતના ગીતો સાથે વાતાવરણ દેશભકિતમય બન્યું હતુ.

## મોરવા(હ) તાલુકાના સંવેદનશીલ મતદાન મથકની મુલાકાત ગોધરા સર્કલ પોલીસ ઈન્સ્પે. એ લીધી



મોરવા (હ),

મોરવા હડફ ગોધરા સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા મોરવા હડફ તાલુકામાં સંવેદનશીલ મતદાન મથકના બુથો ની મુલાકાત લેવામાં આવી હતી.

આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જેવી કે નગર પાલિકા જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. જેને લઈ ને તંત્ર દ્વારા પણ આ ચૂંટણીમાં ક્યાશ ના રહી જાય તે માટે ની તૈયારીઓ કરવામા આવી રહી છે. ત્યારે ગોધરા સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર એન.કે.ખાંટ દ્વારા મોરવા હડફ તાલુકાના સંતરોડ, સાલિયા, મોરવા વંદેલી, કુવાઝર, મોરા અને સુલીયાત ગામોના સંવેદશીલ મતદાન મથકના બુથોની મુલાકાત લેવામાં આવી હતી.

## ઓઈલના વેપારી પાસેથી ૪.૫૦ લાખની લાંચ લેતા જમાદાર અને વચેટિયો ઝડપાયા

અમદાવાદ,

અમદાવાદ રેન્જ આઈજીના આર આર સેલના પોલીસ કર્મચારી રૂપિયા ૫૦ લાખની લાંચ લેતા ઝડપાયા બાદ સરકાર તરફથી આર આર સેલ બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે બાદમાં રેન્જ આઈજી દ્વારા નવી સ્કવૉડ શરૂ કરવામાં આવી છે. આ સ્કવૉડના વહીવટદાર દ્વારા હપ્તા પેટે માંગેલા રૂપિયા લેવા જતાં એક વચેટિયો અમદાવાદ એસીબી ના હાથે ઝડપાયો છે. આ કેસમાં પોલીસે લાંચ માંગનાર જમાદારની પણ ધરપકડ કરી છે. મળતી માહિતી પ્રમાણે અમદાવાદ રેન્જ આઈજી કર્મચારી લાંચકાંડ બહાર આવ્યા બાદ ગતરોજ જિલ્લા પોલીસના આર.આર.સેલના જમાદાર મહાદેવ સેવાઈકર અને એક વચેટિયો પીપોદરામાં એક ઓઈલ વેપારી પાસેથી ૪.૫૦ લાખ રૂપિયાની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા. પીપોદરા વિસ્તારમાં વેપારી ઈન્ડસ્ટ્રીયલ ઓઈલનો વેપાર કરે છે. જિલ્લા પોલીસની આર આર સેલમાં પહેલા ફરજ બજાવતા જમાદાર મહાદેવ સેવાઈકર અને વિપુલ બલર નામનો વચેટિયો અને અન્ય એક પોલીસવાળો વેપારી પાસે ગયા હતા અને ધંધો કરવા માટે ૪.૫૦ રૂપિયાની માંગણી કરી હતી. આ દરમિયાન વેપારીએ તેમને સમજાવ્યુ હતુ કે, તેઓ ઓઈલનો કાયદેસરનો વેપાર કરે છે. છતાં જમાદાર અને વચેટિયો માન્યા ન હતા. વચેટિયાએ વેપારીને ફોન પણ કર્યા હતા. તેથી વેપારીએ એન્ટી કરપ્શનની અમદાવાદ કચેરીને ફરિયાદ કરતા ત્યાંથી ટીમ આવી હતી.

ગુરૂવારે કિમ-પીપોદરામાં વચેટિયા વિપુલ બલરની ઓફિસમાં વેપારી લાંચના ૪.૫૦ લાખ આપવા આવ્યો ત્યારે એસીબીની ટીમે વિપુલને ઝડપી પાડ્યો હતો.